eMAGAZINE
SURAT MUNICIPAL CORPORATION

Issue 288
September 16, 2011

## માહે ઓગષ્ટ ૨૦૧૧–૧૨ દરમ્યાન સ્મીમેર હોસ્પીટલ, સુરતની કામગીરી અંગેનો અહેવાલ

સ્મીમેર હોસ્પીટલમાં ઓગષ્ટ માસ દરમ્યાન ૪૪૩૬ ઈન્ડોર તથા ૩૫૩૦૮ આઉટડોર પેશન્ટોને સારવાર આપવામાં આવી હતી. નાના ૧૧૯૮ તથા ૫૫૦ મોટા ઓપરેશનો હાથ ધરવામાં આવ્યા હતા ...

વધુ માટે કલીક કરો >>>>>>

## સુરત મહાનગરપાલિકા આયોજિત ફુડ ફેસ્ટીવલમાં અર્વાચીન ગરબા હરિફાઈ અને ફેસ્ટીવલ ડાન્સ કોમ્પીટીશનનું આયોજન

સુરત મહાનગરપાલિકા દ્વારા તા. ૨૮/૦૯/૨૦૧૧ થી તા. ૦૬/૧૦/૨૦૧૧ દરમ્યાન કૃષ્ણકુંજ (અઠવા) પાર્ટી પ્લોટ, ઉમરા પોલીસ સ્ટેશનની બાજુમાં, અઠવાલાઈન્સ, સુરત ખાતે આયોજીત ફુડ ફેસ્ટીવલમાં તા.૨૯/૦૯/૨૦૧૧ ના રોજ અર્વાચીન ગરબા હરિફાઈ, તા. ૦૪/૧૦/૨૦૧૧ના રોજ શેરીગરબા સ્પર્ધા અને તા.૦૫/૧૦/૨૦૧૧ ના રોજ ફેસ્ટીવલ ડાન્સ કોમ્પીટીશનનું આયોજન સાંજે ૭.૦૦ કલાકે કરવામાં આવેલ છે ...

વધુ માટે કલીક કરો >>>>>>

## સુરત મહાનગરપાલિકા આયોજિત નાટ્ય સ્પર્ધાનું પરિણામ



સુરત મહાનગરપાલિકા દ્વારા પ્રતિવર્ષ યોજાતી નાટ્ય સ્પર્ધા મુજબ આ વર્ષે પણ તા. ૦૪/૦૯/૨૦૧૧ થી તા. ૧૩/૦૯/૨૦૧૧ દરમ્યાન ગાંધીસ્મૃતિ ભવન, ટીમલીયાવાડ, નાનપુરા, સુરત ખાતે રોજ રાત્રે ૯.૦૦ કલાકથી યોજવામાં આવી હતી ...

વધુ માટે કલીક કરો >>>>>>

## માહે ઓગષ્ટ ૨૦૧૧–૧૨ દરમ્યાન સ્મીમેર હોસ્પીટલ, સુરતની કામગીરી અંગેનો અહેવાલ

સ્મીમેર હોસ્પીટલમાં ઓગષ્ટ માસ દરમ્યાન ૪૪૩૬ ઈન્ડોર તથા ૩૫૩૦૮ આઉટડોર પેશન્ટોને સારવાર આપવામાં આવી હતી. નાના ૧૧૯૮ તથા ૫૫૦ મોટા ઓપરેશનો હાથ ધરવામાં આવ્યા હતા. ૬૮૭૮ એક્ષ–રે પાડવામાં આવ્યા હતા. ટી. બી. ના નવા ૪૯૩ અને જુના ૧૧૦૫ દર્દીઓ સહીત કુલ ૧૫૯૮ દર્દીઓને તપાસવામાં આવ્યા હતા. દાંતના રોગો માટે કુલ ૧૩૧૫ દર્દીઓને સારવાર આપવામાં આવી હતી. ફીઝીયોથેરાપી વિભાગમાં કુલ ૧૭૪૦ તથા આંખ વિભાગમાં ૧૮૭૬ આઉટડોર દર્દીઓ નોંધાયા હતા. લેબોરેટરી તથા બ્લડબેંક વિભાગમાં કુલ ૧૪૮૦૩ દર્દીઓનું નિરીક્ષણ કરવામાં આવ્યું હતું. ગરીબ તથા મધ્યમ વર્ગના લોકો આરોગ્યલક્ષી સેવાનો સારો એવો લાભ મેળવી રહયા છે.

TOP

## સુરત મહાનગરપાલિકા આયોજિત ફુડ ફેસ્ટીવલમાં અર્વાચીન ગરબા હરિફાઈ અને ફેસ્ટીવલ ડાન્સ કોમ્પીટીશનનું આયોજન

સુરત મહાનગરપાલિકા દ્વારા તા. ૨૮/૦૯/૨૦૧૧ થી તા. ૦૬/૧૦ /૨૦૧૧ દરમ્યાન કૃષ્ણકુંજ (અઠવા) પાર્ટી પ્લોટ, ઉમરા પોલીસ સ્ટેશનની બાજુમાં, અઠવાલાઈન્સ, સુરત ખાતે આયોજીત ફુડ ફેસ્ટીવલમાં તા.૨૯/૦૯/૨૦૧૧ ના રોજ અર્વાચીન ગરબા હરિફાઈ, તા. ૦૪/૧૦/૨૦૧૧ના રોજ શેરીગરબા સ્પર્ધા અને તા.૦૫/૧૦/૨૦૧૧ ના રોજ ફેસ્ટીવલ ડાન્સ કોમ્પીટીશનનું આયોજન સાંજે ૭.૦૦ કલાકે કરવામાં આવેલ છે. અર્વાચીન ગરબા હરિફાઈ અને ફેસ્ટીવલ ડાન્સ કોમ્પીટીશનમાં સુરત શહેરની હદમાં આવેલ માધ્યમિક/ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓના વિદ્યાર્થી/વિદ્યાર્થીનીઓ ભાગ લઈ શકશે. જયારે શેરી ગરબા સ્પર્ધામાં સુરત શહેરની મહિલા સંસ્થાઓની બહેનો ભાગ લઈ શકશે. સ્પર્ધામાં ભાગ લેવા માટેના પ્રવેશફોર્મ સાંસ્કૃતિક વિભાગ, ચં.ચી.મહેતા નાટ્યગૃહ (રંગઉપવન), ચોકબજાર, સુરત ખાતેથી રજાના દિવસો સિવાય ઓફિસ સમય દરમ્યાન મળી શકશે. અર્વાચીન ગરબા હરિફાઈની તા. ૨૭/૦૯/૨૦૧૧, શેરી ગરબા હરિફાઈની તા. ૦૧/૧૦/૨૦૧૧ અને ફેસ્ટીવલ ડાન્સ કોમ્પીટીશનના પ્રવેશપત્રો સ્વીકારવાની અંતિમ તા. ૦૩/૧૦/૨૦૧૧ રાખવામાં આવી છે.

TOP

## સુરત મહાનગરપાલિકા આયોજિત નાટ્ય સ્પર્ધાનું પરિણામ

સુરત મહાનગરપાલિકા દ્વારા પ્રતિવર્ષ યોજાતી નાટ્ય સ્પર્ધા મુજબ આ વર્ષે પણ તા. ૦૪/૦૯/૨૦૧૧ થી તા. ૧૩/૦૯/૨૦૧૧ દરમ્યાન ગાંધીસ્મૃતિ ભવન, ટીમલીયાવાડ, નાનપુરા, સુરત ખાતે રોજ રાત્રે ૯.૦૦ કલાકથી યોજવામાં આવી હતી. સુરત મહાનગરપાલિકા પ્રાથમિક સુવિધાઓ નહિ પણ શહેરીજનોને ઉચ્ચતર શિક્ષણ માટે સુમન શાળાઓ, સ્મીમેર મેડીકલ કોલેજ જેવી સુવિધાઓ ઉપરાંત મનોરંજન પુરૂં પાડવાની નેમ સાથે સૂરતની પ્રજાની આગવી તાસીર ટકાવવા, તેની ઉત્સવપ્રિયતા, રીતરિવાજ અને પ્રણાલિકાઓની જાળવણી કરી આ લોક સંસ્કૃતિનું જતન તેમજ સંવર્ધન કરવા સતત પ્રયત્નશીલ રહે છે. કળા, સંગીત, નૃત્ય, નાટ્ય કલાકારો અને રમતવીરોને પ્રોત્સાહન આપી તેમનામાં છૂપાયેલી શકિત બહાર લાવવા વિવિધ આયોજનો અને સ્પર્ધા યોજવામાં આવે છે. ફળસ્વરૂપ આજે શહેરના અનેક કલાકારો અને રમતવીરોએ સુરત શહેરનું નામ રોશન કરેલ છે.





અત્રે ઉલ્લેખનીય છે કે, સમગ્ર ગુજરાતની મહાનગરપાલિકાઓમાં સુરત મહાનગરપાલિકા જ છેલ્લા ૩૯ વર્ષથી આ નાટ્ય સ્પર્ધાઓનું આયોજન કરી ૧૯૬૯ થી શહેરના ઉગતા કલાકારોને ઉચિત પ્લેટફોર્મ પુરૂં પાડી રહી છે. અને તેથી જ કદાચ સમગ્ર ભારતમાં એક માત્ર સુરત શહેરમાં જ ૨૭ થી વધુ નાટ્ય સંસ્થાઓ કાર્યરત છે. અને આ બધી સંસ્થાઓ મળીને આ વર્ષે અંદાજે ૧૪૦ થી વધુ કલાકારોએ આ નાટ્ય સ્પર્ધા દ્વારા પોતાના આંગિક, વાંચિક અભિનયથી લોકો સુધી જુદી જુદી વાતો પહોંચાડતા આવ્યા છે. ૩૯મી નાટ્ય સ્પર્ધાની આ શ્રેણીમાં શહેરની કુલ ૦૯ નાટ્ય સંસ્થાઓના નાટકો ગાંધીસ્મૃતિ ભવનના તખ્તે રજુ થયાં હતાં. તા.૦૪/૦૯/૨૦૧૧ ના રોજ રંગકર્મી સંસ્થાના "રણમાં ખિલ્યું પારિજાત" થી શરૂ થયેલ નાટ્ય સ્પર્ધા તા.૧૩/૦૯/૨૦૧૧ ના રોજ અંતિમ નાટક ફન અનલીમીટેડ સંસ્થાના "સાવ અમારી જાત અલગ છે." ના શો બાદ સ્પર્ધાનો ઈનામ વિતરણ સમારંભ યોજાયો હતો. સ્પર્ધાનું પરિણામ નીચે મુજબનું જાહેર કર્યુ હતું.

| વિજેતાનો ક્રમ | નાટકનું નામ | નાટ્ય સંસ્થાનું નામ |
|---|---|---|
| પ્રથમ વિજેતા | મેકબેથ | મલ્હાર |
| દ્વિતીય વિજેતા | એન્કાઉન્ટર | સ્વરમ્ એન્ટરટેઈનર |
| તૃતીય વિજેતા | અમે બરફના પંખી | અસ્તિત્વ |
| ચતુર્થ વિજેતા | ફંદી | રાજગૃપ થિયેટર એન્ડ પર્ફોમીંગ આર્ટસ |

| વિજેતા | કલાકારનું નામ | નાટકના પાત્રનું નામ | નાટકનું નામ |
|---|---|---|---|
| સર્વશ્રેષ્ઠ પુરૂષ અભિનય | શ્રી ડેનિશ પુનિવાલા | ફંદી | ફંદી |
| શ્રેષ્ઠ પુરૂષ અભિનય | શ્રી સંજય પરમાર | એસ.પી.રાઠોડ | એન્કાઉન્ટર |
| " | શ્રી પંકજ પાઠકજી | સી.બી.આઈ. ઓફિસરશ્રી રવિ રાનડે | એન્કાઉન્ટર |
| " | શ્રી દિનેશ ભગતજી | વકીલ–બાપ–દેવદત્ત | અમે બરફના પંખી |
| " | શ્રી મિહીર પાઠક | મેકબેથ | મેકબેથ |
| " | શ્રી ભાવિન ઠક્કર | હવાલદાર | ફંદી |
| " | શ્રી રણધીર સિંહ | મામા મણીલાલ | રમણ ભમણ |
| " | શ્રી સેતુ ઉપાધ્યાય | સુલેમાન | સાવ અમારી જાત અલગ છે |

Continue …

| વિજેતા | કલાકારનું નામ | નાટકના પાત્રનું નામ | નાટકનું નામ |
|---|---|---|---|
| સર્વશ્રેષ્ઠ સ્ત્રી અભિનય | સ્મિતા પાલાંદે | નંદુ | અમે બરફના પંખી |
| શ્રેષ્ઠ સ્ત્રી અભિનય | સપના શેઠ | લેડી મેકબેથ | મેકબેથ |
| '' | મનીષા શુકલ | મા—માલતી | અમે બરફના પંખી |
| '' | વિશ્વા વશી | વિજુ | રમણ ભમણ |
| '' | ઋચા કાપડિયા | મોટી પારિજાત | રણમાં ખીલ્યું પારિજાત |
| '' | પ્રિતી ઠક્કર | સોના | મીનમેખ |
| '' | વૈભવી બેદી | આયેશા/આરતી | સાવ અમારી જાત અલગ છે |
| '' | ધ્વનિ શુકલ | કામિની(દેવી) | અવતરણ |

| વિજેતા | કલાકારનું નામ | નાટકના પાત્રનું નામ | નાટકનું નામ |
|---|---|---|---|
| શ્રેષ્ઠ બાળ કલાકાર | નિશાંત ભટ્ટ | મેકડેફનું બાળક | મેકબેથ |
| '' | આર્જવી વ્યાસ | નાની પારિજાત | રણમાં ખીલ્યું પારિજાત |
| | | | |
| | દિગ્દર્શકનું નામ | નાટકનું નામ | નાટ્ય સંસ્થાનું નામ |
| શ્રેષ્ઠ દિગ્દર્શક પ્રથમ | સોનલ વૈદ્ય કુલકર્ણી | મેકબેથ | મલ્હાર |
| દ્વિતીય | શ્રી પંકજ પાઠકજી | એન્કાઉન્ટર | સ્વરમ્ એન્ટરટેઈનર |
| | | | |
| | કલાકારનું નામ | નાટકનું નામ | નાટ્ય સંસ્થાનું નામ |
| શ્રેષ્ઠ દ્રશ્ય પરિકલ્પના | શ્રી જીતેન્દ્ર જી સાહેબ | મેકબેથ | મલ્હાર |
| શ્રેષ્ઠ સંગીત | શ્રી જીતેન્દ્ર જી સાહેબ | મેકબેથ | મલ્હાર |
| શ્રેષ્ઠ સ્ક્રીપ્ટ | સ્વ.કાંતિ મડીયા મૂળ લેખક—વસંત કાનેટકર | અમે બરફના પંખી | અસ્તિત્વ |
| શ્રેષ્ઠ પ્રકાશ આયોજન | શ્રી મેહુલ શર્મા | એન્કાઉન્ટર | સ્વરમ્ એન્ટરટેઈનર |
| શ્રેષ્ઠ થીમ | શ્રી વિલોપન દેસાઈ | એન્કાઉન્ટર | સ્વરમ્ એન્ટરટેઈનર |
| શ્રેષ્ઠ પ્રકાશ આયોજન માટે રાષ્ટ્રીય કલા કેન્દ્ર તરફથી આપવામાં આવેલ ઈનામ | | | |
| શ્રેષ્ઠ પ્રકાશ આયોજન | શ્રી નરેશ અને ચૈતન્ય ભટ્ટ | મેકબેથ | મલ્હાર |

નાટ્ય સ્પર્ધાના તમામ વિજેતાઓને મા. મેયરશ્રી રાજેન્દ્ર એ. દેસાઈ, ડે. મેયરશ્રીમતી છાયાબેન ભુવા, શાસક પક્ષના નેતાશ્રી દયાશંકર સિંગ, સાંસ્કૃતિક સમિતિ અધ્યક્ષા શ્રીમતી ગીતાબેન પટેલ, ઉપાધ્યક્ષાશ્રીમતી ઉર્મિલાબેન રાણાના હસ્તે વિજેતા પ્રમાણપત્ર, ટ્રોફી તથા રોકડ પુરસ્કાર એનાયત કરી નવાજવામાં આવ્યા હતા. આ નાટ્ય સ્પર્ધામાં નિર્ણાયક તરીકે સર્વશ્રી સોમેશ્વર ગોહેલ—અમદાવાદ, શ્રી વિહંગ મહેતા—વડોદરા અને શ્રી જયકર ધોળકિયાએ સેવા આપી હતી. શહેરની કલારસિક જનતાએ મોટી સંખ્યામાં હાજર રહી તમામ નાટકોને મન ભરીને માણ્યાં હતા. શહેરની નાટ્ય સંસ્થાઓની માંગણીને માન આપી ૩૯મી નાટ્ય સ્પર્ધાના પ્રથમ ચાર વિજેતા નાટકોનો વિનર શો તા. ૧૫/૦૯/૨૦૧૧ થી તા. ૧૮/૦૯/૨૦૧૧ દરમ્યાન દરરોજ રાત્રે ૯.૦૦ કલાકે ગાંધીસ્મૃતિ ભવન, ટીમલીયાવાડ, નાનપુરા, સુરત ખાતે યોજવામાં આવેલ છે. નિમંત્રિતોને સમયસર ઉપસ્થિત રહેવા વિનંતી. પાસ વગર પ્રવેશ આપવામાં આવશે નહિં. પ્રવેશ તેમજ બેઠક વ્યવસ્થા વહેલા તે પહેલાના ધોરણે રાખવામાં આવેલ છે.

TOP